નવસારીમાં હવે આર.સી. જેમ્સના 500 રત્નકલાકારોની હડતાળ

સહજાનંદ એક્સપોર્ટની હડતાળ જેમ તેમ સમેટાઈ ત્યાં હવે અન્ય કંપનીના કામદારોએ કામ અટકાવ્યું

પહેલા 20 હજાર પગાર થતો હતો, હવે માંડ 12-13 હજાર મળતાં ઘર ચલાવવું મુશ્કેલ, ભાવવધારો કરવા રત્નકલાકારોની માંગ

નવસારીઃ નવસારીમાં સહજાનંદ એક્સપોર્ટ ડાયમંડ કંપનીની હડતાળ સમેટાઈ છે ત્યારે હવે બીજી ડાયમંડ કંપનીના રત્નકલાકારો હડતાળ પર ઉતર્યા છે. જેમ્સ ડાયમંડ કંપનીના રત્નકલાકારોએ હડતાલ પર ઉતરી ભાવ વધારાની માંગ કરી છે.

છેલ્લા ઘણાં સમયથી હીરા ઉદ્યોગમાં મંદીનું ગ્રહણ લાગ્યું છે. ડાયમંડ સિટી સુરતમાં પણ મંદી જેવો માહોલ છે. એક તરફ હીરા ઉદ્યોગમાં મંદીનું વાતાવરણ છે તો બીજી તરફ ડાયમંડ કંપનીના સંચાલકોએ રત્નકલાકારોને આપવામાં આવતા ભાવોમાં ઘટાડો કર્યો છે. જેના કારણે સુરતમાં રત્નકલાકારો ઘટાડેલા ભાવમાં વધારો કરવાની માંગ કરી હડતાળ પર ઉતર્યા હતા, જેના પડઘા નવસારીમાં પણ પડ્યા છે. એક દિવસ અગાઉ નવસારીમાં શાંતાદેવી ખાતેની સહજાનંદ એક્સપોર્ટ ડાયમંડ કંપનીના રત્નકલાકારોએ જૂના ભાવમાં વેતન ચૂકવવા માટેની માંગ કરી હડતાળ પર ઉતર્યા હતા. જો કે સરકારી શ્રમ અધિકારીએ મધ્યસ્થી કરતા સહજાનંદ એક્સપોર્ટ કંપનીના સંચાલકોએ રત્નકલાકારોને ભાવમાં 8-9 ટકાનો વધારો કરવા સાથે પ્રાથમિક સુવિધાઓ આપવાનું નક્કી કર્યું હતું. જેથી રત્નકલાકારોએ હડતાળ સમેટી લીધી હતી. પરંતુ આ હડતાળના પડઘા હવે નવસારીની અન્ય ડાયમંડ કંપનીઓના રત્નકલાકારો ઉપર પણ પડ્યા છે.

આજે શાંતાદેવી વિસ્તારની આર.સી. જેમ્સ ડાયમંડ કંપનીના રત્નકલાકારો હડતાળ પર ઉતર્યા છે. આર.સી. જેમ્સ ડાયમંડ કંપનીના અંદાજે 500 જેટલા રત્નકલાકારો હડતાળ ઉપર ઉતરી કામથી અળગા રહ્યા હતા. તેમણે પણ ભાવવધારાની માંગ કરી છે. રત્નકલાકારોએ જણાવ્યું હતું કે, પહેલા તમામ કારીગરો 20 હજાર રૂપિયા પગાર મેળવતા હતા. પરંતુ ભાવમાં ઘટાડો કરવાથી હવે કારીગરો માત્ર 12 કે 13 રૂપિયાનું જ કામ કરી રહ્યા છે. જેના કારણે કારીગરોને ઘર ચલાવવામાં મુશ્કેલી પડી રહી છે.

ચીખલી સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં ગાંધીનગરની ટીમની તપાસનો ધમધમાટ, ગુનો નોંધાવાના એંધાણ

વહીવટી અધિકારીનો ચાર્જ પણ અધિક્ષક પાસે હોવાથી તેમની સહીનો દુરૂપયોગ કરાયો કે ડુપ્લીકેટ સહી કરાઈ તે માટે એફએસએલની તપાસ કરાશે

ધેજઃ ચીખલીની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં લાખો રૂપિયાની ઉચાપતની તપાસના અહેવાલના આધારે પોલીસ દ્વારા પણ તપાસ હાથ ધરવામાં આવતા આવનાર દિવસોમાં જવાબદારો સામે ગુનો દાખલ થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.

ચીખલીની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં છેલ્લા ઘણાં દિવસોથી ગાંધીનગરની ટીમ દ્વારા ધામા નાંખી તપાસ કરવામાં આવી રહી છે. જેમાં કરાર આધારિત કર્મચારી દ્વારા આઉટ સોર્સિંગના કર્મચારીઓના પગારના બિલ બબ્બે વખત મૂકી લાખો રૂપિયાની રકમની ઉચાપત કરી હોવાનું બહાર આવ્યું હતું. અત્યાર સુધીમા આ ઉચાપતની રકમનો આંકડો ૨૨-લાખ રૂપિયા સુધી પહોંચ્યો છે, પરંતુ હજુ પણ ગાંધીનગરની ટીમની તપાસ ચાલુ જ હોય એ આંકડો વધવાની શકયતા જણાઈ રહી છે.

આ દરમિયાન ગાંધીનગરની ટીમ દ્વારા અત્યાર સુધીની તપાસનો અહેવાલ પોલીસને આપવામાં આવતા પોલીસ દ્વારા પણ આ અહેવાલના કાગળો ફંફોળી અભ્યાસ કરવામાં આવી રહ્યો હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે આગામી દિવસોમાં જવાબદારો સામે ઉચાપત અંગેનો ગુનો દાખલ થવાની શકયતા જોવાઈ રહી છે.

બીજી તરફ ગાંધીનગરની તપાસ ટીમ દ્વારા ચીખલી સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલના તાબામાં આવતા ટાંકલ, રૂમલા, ખેરગામ અને લીમઝર સહિતના સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તપાસ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. હજુ ત્રણ ચાર દિવસ તપાસનો દોર ચાલશે અને ત્યારબાદ જ ઉચાપતની ચોક્કસ રકમ અને કરાર આધારિત કર્મચારી સાથે અન્ય કોણ જવાબદાર છે તે હકીકત બહાર આવશે.

જો કે સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં વહીવટી અધિકારીનો ચાર્જ પણ અધિક્ષક પાસે જ હોય તેમની સહીનો દૂર ઉપયોગ કરાયો કે ડુપ્લીકેટ સહી કરવામાં આવી તે એફએસએલની તપાસમાં નક્કી થશે તે પણ નિશ્ચિત છે.

વલસાડ-બાન્દ્રા લોકલ ટ્રેનને ફરી શરૂ કરવા લોકોએ હવે આંદોલન કરવું પડશે?

ગુરુ-શુક્ર બે દિવસ ઉધના-બાન્દ્રા ઈન્ટરસિટી કેમ દોડતી નથી? મુસાફરોમાં રોષ

વાપીઃ વલસાડથી સાંજે બાન્દ્રા જતી ''વલસાડ લોકલ''ને ફરી શરૂ કરવામાં કેન્દ્ર સરકારનું રેલવે તંત્ર કેમ વિલંબ કરે છે તે સમજ બહારની વાત છે. વલસાડથી બાન્દ્રા સુધી જવા માટે આ ટ્રેન આશિર્વાદરૂપ સાબિત થઈ હતી. આ ટ્રેન પહેલા ૪.૩૫ વલસાડથી ઉપડતી હતી, જે સાડા ચારની લોકલ તરીકે જાણીતી હતી. પરંતુ કોરોનામાં બધી ટ્રેનો બંધ કરી, ત્યારબાદ આ ટ્રેનનો ટાઈમ બદલીને ૪.૫૫ કરી દીધો હતો. એટલું જ નહીં આ ટ્રેનને વલસાડ-બાન્દ્રા સ્પેશિયલ તરીકે નવું નામ આપી દેવામાં આવ્યું હતું. હવે એ ટ્રેનને બંધ કરી તેનો કોઈ વિકલ્પ પણ લોકોને આપ્યો નથી.

આ ટ્રેન બંધ કર્યા બાદ ઉધના-બાન્દ્રા ઈન્ટરસિટી ટ્રેનને વલસાડથી વિરાર સુધી બધા સ્ટેશને ઊભી રાખવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

પરંતુ ઉધના-બાન્દ્રા ઇન્ટરસિટી ટ્રેન ગુરુ અને શુક્રવારે આવતી નથી. ત્યારે લોકો શું કરશે? તેની કોઈને ચિંતા નથી. વલસાડથી બાન્દ્રા જવા માટે વલસાડ લોકલને ફરી શરૂ કરવી આવશ્યક છે. આ ટ્રેનને બંધ કરવા પાછળનો પશ્ચિમ રેલવેનો તર્ક શું છે? તે જ સમજ બહારની વાત લાગે છે. હવે શું લોકોએ આ ટ્રેનને ફરી ચાલુ કરવા આંદોલન કરવું પડશે કે શું? તેવી રેલવેના મુસાફરોમાં ચર્ચા છે.

નવસારી સિવિલ હોસ્પિટલમાંથી પોક્સોનો આરોપી બેડ પર બાંધેલી હાથકડીમાંથી હાથ સેરવી ભાગી છૂટ્યો

હોસ્પિટલમાં બોટલ ચઢાવી હતી, જાપ્તાના પોલીસકર્મી બાથરૂમ ગયા એટલી વારમાં આરોપી છટકી ગયો

ફરજમાં ગફલત કરનાર હેડ કોન્સ્ટેબલ અને 2 લોકરક્ષક સામે પોલીસે ગુનો નોંધાયો

નવસારીઃ નવસારી સિવિલ હોસ્પિટલમાંથી પોક્સોનો આરોપી જાપ્તામાંથી ફરાર થતા નવસારી પોલીસ દોડતી થઈ હતી. આરોપી નહીં મળતા પોલીસે પોક્સોના આરોપી સહિત ફરજમાં ગફલત કરનાર હેડ કોન્સ્ટેબલ અને 2 લોકરક્ષક સામે ગુનો નોંધી આગળની તજવીજ હાથ ધરી છે.

મૂળ યુ.પી.ના જોનપુર જિલ્લાના મરુઆહુ તાલુકાના ભરુહુપુર ગામે અને હાલ સુરતના કાપોદ્રા હીરાબાગમાં રહેતો આનંદ ઉર્ફે કરિયા કલ્લુ હીરાલાલ સરોજ વિરુદ્ધ વલસાડના પારડી પોલીસ મથકે પોક્સો એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. આરોપી આનંદ ઉર્ફે કરિયાને જ્યુડીશીયલ કસ્ટડી હેઠળ નવસારી સબજેલમાં રાખવામાં આવ્યો હતો. ગઈકાલે સાંજે આરોપી આનંદ ઉર્ફે કરિયા બીમાર પડતા તેને જેલ પોલીસે તાત્કાલિક સારવાર અર્થે નવસારી સિવિલ હોસ્પિટલમાં ખસેડયો હતો. જેથી પોલીસે આરોપીના જાપ્તા માટે નવસારી હેડ ક્વાટર દ્વારા હેડ કોન્સ્ટેબલ અર્જુનસિંહ કકલદાન, લોકરક્ષક ચેતનભાઈ અને હરપાલસિંહને ફાળવાયા હતા. પરંતુ મોડી રાત્રે આરોપી આનંદ ઉર્ફે કરિયા હોસ્પિટલમાંથી નાસી ગયો હતો.

પોલીસને પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે, લોકરક્ષક ચેતનભાઈ હોસ્પિટલમાં જાપ્તા ફરજ માટે લગભગ સાડા આઠેક વાગ્યે પહોંચતા જેલ પોલીસ નીકળી ગઈ હતી. હે.કો. અર્જુનસિંહ લગભગ સવા નવ વાગ્યે હોસ્પિટલ પહોચ્યા હતા. આરોપી આનંદ ઉર્ફે કરિયા પાસે ચેતનભાઈ હાજર હતા. ત્યારબાદ ચેતનભાઈ આરોપી આનંદ ઉર્ફે કરિયાને એક્સ રે કરાવવા માટે લઈ ગયા હતા. જ્યાંથી તેને લાવી પરત પ્રિઝન વોર્ડમાં લઈ ગયા હતા. જ્યાં આરોપી આનંદ ઉર્ફે કરિયાને બેડ ઉપર સુવડાવી હાથમાં બાંધેલી હથકડી પલંગ સાથે લોક કરી દીધી હતી.

લગભગ સાડા અગિયાર વાગ્યે આરોપી આનંદ ઉર્ફે કરિયાને ડોક્ટર તપાસવા માટે આવ્યા હતા અને ડોકટરે આરોપીને ઈ.સી.જી. કરી બોટલ ચઢાવી હતી. દરમિયાન રાત્રે 1 વાગ્યે ચેતનભાઈ પ્રિઝન વોર્ડમાં બાથરૂમ કરવા માટે ગયા હતા. ત્યારે આરોપી આનંદ ઉર્ફે કરિયા જાપ્તામાં કોઈ પોલીસ કર્મચારી ન હોવાનો લાભ લઈ હાથકડીમાંથી હાથ કાઢી નાસી ગયો હતો. ચેતનભાઈ 15-20 મિનીટ બાદ બાથરૂમમાંથી બહાર આવતા આરોપી આનંદ ઉર્ફે કરિયા બેડ પર જણાયો ન હતો અને હાથકડી પલંગ સાથે લટકતી જોવા મળી હતી.

આ બાબતે નવસારી ટાઉન પોલીસે પોક્સોના આરોપી આનંદ ઉર્ફે કરિયા તેમજ ફરજમાં ગફલત કરનાર હે.કો. અર્જુનસિંહ, લોકરક્ષક ચેતનભાઈ અને હરપાલસિંહ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ પી.આઈ. એ.એસ. સરવૈયાએ હાથ ધરી છે.

ગણદેવીના ધમડાછા ગામે IPL પર સટ્ટો રમાડતી એક મહિલા ઝબ્બે, એક વોન્ટેડ

બાતમીને આધારે ગણદેવી પોલીસની કાર્યવાહી, 3290 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત

નવસારીઃ ગણદેવી પોલીસે બાતમીના આધારે ધમડાછા ગામે આઈપીએલ ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા એક મહિલાને ઝડપી પાડી હતી, જ્યારે અન્ય એકને વોન્ટેડ જાહેર કરી આગળની તજવીજ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, ગણદેવી પોલીસને બાતમી મળી હતી કે, ધમડાછા ગામે ઇન્દિરાનગર રવજીભાઈ સુખાભાઈ હળપતિના ઘરના આગળના ભાગે આંગણામાં ખુલ્લી જગ્યામાં આઈપીએલ ક્રિકેટ મેચ ઉપર કાપલીઓ બનાવી તે કાપલીઓ સીધા ગ્રાહકોને જીવંત પ્રસારણ ઉપર ક્રિકેટ મેચની પ્રથમ ટીમના ટોટલ સ્કોર ઉપર સટ્ટો રમી-રમાડી રહ્યા છે. જેના આધારે પોલીસે સ્થળ પર જઈ છાપો મારી સટ્ટો રમાડતા ધમડાછા ગામે ઇન્દિરાનગરમાં રહેતા સુધાબેન આનંદભાઈ હળપતિને ઝડપી પાડી હતી. જ્યારે પોલીસે ત્યાં જ રહેતા રમેશભાઈ સોમાભાઈ હળપતિને વોન્ટેડ જાહેર કર્યો હતો. પોલીસે ઘટના સ્થળેથી રોકડા 3290 રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તજવીજ હાથ ધરી છે.

વલસાડના શંકર તળાવ બામ ખાડીમાં મૃત અવસ્થામાં હજારોની સંખ્યામાં માછલા મળી આવતા અરેરાટી

ભરતીના ખારા પાણી મીઠા પાણીમાં ભળી જતાં માછલાં મર્યાનું અનુમાન, લોકોએ કેમિકલયુક્ત પાણીને પગલે દુર્ઘટના બની હોવાની આશંકા વ્યક્ત કરી હતી

વલસાડઃ વલસાડના શંકર તળાવ બામ ખાડીમાં, ખારૂં પાણી મીઠા પાણીમાં ભળી જતા હજારોની સંખ્યામાં માછલાઓ મૃત અવસ્થામાં મળી આવતા લોકોમાં અરેરાટી સર્જાઈ હતી.

વલસાડ તાલુકાના ખાડીમાં કેમિકલના પાણી છોડવાથી હજારોની સંખ્યામાં માછલાઓ મૃત્યુ પામતાં હોય છે. એવી અનેક જગ્યાઓએ જોવા મળ્યા છે, પણ કેટલી વસ્તુઓ બહાર આવતી નથી અને અંદર અંદર જ દબાઈ જાય છે. વલસાડ તાલુકાના શંકર તળાવના બામખાડીમાં ગતરોજ ખાડીના ખારા પાણી મીઠા પાણીમાં મિક્સ થઈ જતા હજારોની સંખ્યામાં મોટા મોટા માછલાઓ ખાડીમાં મૃત અવસ્થામાં જોવા મળતા કોઝવે પરથી પસાર થતાં ગ્રામજનોને એવું જ લાગતું હતું કે કેમિકલયુકત પાણી છોડવાથી માછલાઓ મરી ગયા હતા, પણ ખાડીમાં માછીમારી કરવા આવેલા કેટલાક યુવાનોએ જણાવ્યું હતું કે આ માછલા મીઠા પાણીના હોય, ગતરોજ ડુંગરી બામખાડીના ભરતીના ખારા પાણી મીઠા પાણીમાં ભળી જવાથી માછલાઓ મરી ગયા હશે.

વલસાડ સાંસદે લોકસભામાં વક્ફ બિલને ઐતિહાસિક ગણાવ્યું

વલસાડઃ વલસાડ ડાંગના સાંસદ અને લોકસભા દંડક ધવલભાઈ પટેલે લોકસભામાં પાસ થયેલા વક્ફ બિલને ઐતિહાસિક બિલ ગણાવ્યું છે. દિલ્હીથી મોકલેલા સંદેશામાં જણાવ્યા મુજબ વક્ફ બિલ પાસ થવા બદલ તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ સહિત એન.ડી એ.ના તમામ સહયોગી દળોનો આભાર વ્યક્ત કર્યો છે. તેમજ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીને આ બિલના વિરોધમાં રહેતા તેમની ટીકા કરી હતી.

ઉદ્ધતાઈભર્યું વર્તન કરનારા આહવા તા.પં.ના મનરેગાના એપીઓ વિરુદ્ધ કાર્યવાહીની માંગ

ડાંગ જિલ્લા યુવક કોંગ્રેસના પ્રમુખે તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરી તો એપીઓએ તેમની સામે પણ ઉદ્ધતાઈભર્યું વર્તન કર્યું

સાપુતારાઃ ડાંગ જિલ્લાનાં આહવા તાલુકા પંચાયતનાં એ.પી.ઓ. ધર્મેશભાઈ ટંડેલ દ્વારા ઉદ્ધતાઈભર્યું વર્તન કરી ધમકી આપવામાં આવતી હોય તેવા આક્ષેપ સાથે ડાંગ જિલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ રાકેશ પવારે તાલુકા વિકાસ અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારીને લેખિતમાં ફરિયાદ કરી છે.

ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાનાં મોરઝીરા ખાતે મનરેગા યોજના હેઠળ જમીન લેવલિંગનું કામ કરવામાં આવી રહ્યું છે, મોરજીરા ગામે 9 જેટલા કામોના મસ્ટરો ચાલી રહ્યા છે. પરંતુ બે દિવસથી ત્યાં એક પણ મજૂર કામ કરતો હાજર જોવા મળતો નથી. આ બાબતે આહવા તાલુકા પંચાયતનાં મનરેગાનાં એ.પી.ઓ તરીકે ફરજ બજાવતા અધિકારી ધર્મેશ ટંડેલને ડાંગ જિલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ રાકેશભાઈ પવાર જાણ કરવા માટે ગયા હતા. ત્યારે એ.પી.ઓ દ્વારા રાકેશભાઈ પવાર સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન કરીને તેમની સાથે જ ઝઘડો કરવામાં આવ્યો હતો અને ધમકીઓ આપવામાં આવી હતી.

આ અંગે એ.પી.ઓ.વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સાથે ડાંગ જિલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ રાકેશભાઈ પવારે તાલુકા વિકાસ અધિકારીને લેખિતમાં રજૂઆત કરી હતી. પરંતુ એપીઓ દ્વારા તાલુકા વિકાસ અધિકારી સામે પણ રાકેશભાઈ પવાર સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન કરીને બોલચાલ કરીને ત્યાંથી જતા રહ્યા હતા.

ત્યારે આ મામલે જવાબદાર અધિકારી વિરુદ્ધમાં તાત્કાલિક ધોરણે કાર્યવાહી કરવામાં આવે તથા આ અધિકારીને તાત્કાલિક ફરજ પરથી છૂટો કરવામાં આવે તેવી માંગ સાથે ડાંગ જિલ્લા વિકાસ અધિકારીને પણ આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. જવાબદાર અધિકારી વિરુદ્ધ પગલા ભરવામાં નહીં આવે તો નાછૂટકે આંદોલન કરવાની ફરજ પડશે એવી ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

વાપી GIDCમાં પાંચ દુકાન-ઓફિસ અન્યોને વેચી દેનારા કંપનીના બે ડિરેક્ટરો સામે ફરિયાદ

મુંબઈની કંપનીને લોનના હપ્તા નહીં ભરાયાની નોટિસ મળી ત્યારે ભાંડો ફૂટ્યો કે અગાઉ કોઈને વેચાણ થઈ ગયું છે

વાપીઃ વાપી જીઆઈડીસીના કોમર્શિયલ પ્લોટમાં સાંઈ પ્લાઝા બિલ્ડીંગના પ્લોટના માલિક અજીત હોટલ એન્ડ મલ્ટીપ્લેક્સ પ્રા.લિ.ના ડિરેક્ટરોએ મુંબઈની કંપની સાથે છેતરપિંડી કરી હોવાની ફરિયાદ નોંધાઈ છે.

વાપી ઉદ્યોગનગર પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર, મૂળ મહારાષ્ટ્રના મુંબઈમાં અશોક વિજયનાથ શુક્લા (ઉ.આ.51) પરિવાર સાથે રહે છે અને તેઓ ઘી માસ્ટર ક્લોક એન્ડ વોચ પ્રા. લિ.માં મેનેજર તરીકે નોકરી કરે છે.

વાપી જીઆઈડીસી કોમર્શિયલ પ્લોટ સાંઈ પ્લાઝા બિલ્ડીંગમાં છે, જેના માલિક અજીત હોટલ એન્ડ મલ્ટીપ્લેક્સ પ્રા.લિ.ના ડિરેક્ટરો અને આનંદ મુનીકુમાર મહેતા (રહે. સાંઈ પ્લાઝા, ચણોદ, વાપી) છે. તેઓ પાસેથી ઘી માસ્ટર ક્લોક એન્ડ વોચ પ્રા.લિ.ના ડાયરેક્ટર દ્વારા 2010માં સાંઈ પ્લાઝા બિલ્ડીંગના બીજા માળે 8 દુકાનો ખરીદાઈ હતી. જે અંગેનો કાયદેસરનો વેચાણ રજીસ્ટર કરાર પારડી કચેરી ખાતે કરવામાં આવેલ હતો. ઓફિસો ખરીદી તેના રૂપિયા કંપની દ્વારા ચેકથી ચૂકવી આપવામાં આવ્યા હતાં. ત્યારબાદ કંપનીએ 8 દુકાનો-ઓફિસ પૈકી 5 ઓફિસ રાજેશ કાંતિલાલ મેઘાણીને 2014માં વેચી દીધી હતી.

2023માં તેઓને જાણવા મળ્યું કે, વાપી જીઆઈડીસી કોમર્શિયલ પ્લોટમાં તેઓની માલિકીની 3 ઓફિસ તથા વેચાણથી આપેલ રાજેશ કાંતિલાલ મેઘાણીની માલિકીની ઓફિસ પર નયનાબેન કમલેશભાઈ પટેલ તથા કમલેશ શંકરભાઈ પટેલ (રહે. ચલા, દાભેલ ચેકપોસ્ટ નજીક, વાપી)એ ફાઈનાન્સીયલ સર્વિસ પ્રા.લિ.માં મોર્ગેજમાં મૂકી લોન મેળવી હતી. તે લોનના હપ્તા નહીં ભરાતા ફાઈનાન્સ કંપનીને નોટિસ આવી હતી. જે અંગે વકીલ મારફત ફાઈનાન્સ કંપનીને જાણ કરી કે તેઓની સાથે છેતરપિંડી થયેલ છે.

તપાસ કરતા અજીત હોટલ એન્ડ મલ્ટીપ્લેક્સ પ્રા.લિ.ના ડાયરેક્ટર દ્વારા 2020માં 3 ઓફિસ નયનાબેન અને કમલેશને વેચાણ દસ્તાવેજ કરેલ અને પાંચ ઓફિસ વિવેક એમ. મહેતાએ વેચાણ દસ્તાવેજ કરી આપેલ હતાં. જે બાબતે અજીત હોટલ પ્રા.લિ.ના ડાયરેક્ટર સાથે વાતચીત કરતા તે મિલકત પાછી આપી દઈશું એવું જણાવ્યું હતું. જે આજદિન સુધી પરત કરેલ નથી.

આ અંગે અજીત હોટલ એન્ડ મલ્ટીપ્લેક્સ પ્રા.લિ.ના ડિરેક્ટરો આનંદ મુનીકુમાર મહેતા અને વિવેક એમ. મહેતા સામે વાપી કોર્ટમાં ફરિયાદ દાખલ કરાવી હતો અને તે બાદમાં બનાવ અંગેની ફરિયાદ અશોક વિજયનાથ શુક્લા (ઉ.આ.51) દ્વારા વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં કરવામાં આવી હતી.

છરવાડાના રમઝાનવાડીમાં ટેરેસ પર વિડીયો ઉતારવાની શંકામાં બે ભાઈએ એકનું માથું ફોડ્યું

બે મિત્રના પુત્રો બર્થ ડે ઉજવણી માટે ટેરેસ પર જઈ વિડીયો ઉતારતાં હતાં, તેની શંકામાં ઝઘડો થયો

વાપીઃ વાપી છરવાડા રમઝાનવાડીમાં ટેરેસ ઉપર બાળકો વીડિયો ઉતારતા હોવાની શંકા રાખી બે ભાઈએ ઝઘડો કરી લાકડાથી એકનું માથું ફોડયું હતું.

વાપી જીઆઈડીસી ગુજરાત હાઉસીંગ બોર્ડ, ગુંજનમાં રહેતા સુનિલ રામપાલ વિશ્વકર્મા (ઉ.આ.34) બાળકો અને પત્ની સાથે છરવાડા રમઝાનવાડી જે.કે. પાર્કમાં રહેતા મિત્રના ઘરે ગયા હતાં. બર્થડે ઉજવણી કરવા સુનિલનો પુત્ર તેના મિત્ર સાથે ટેરેસ ઉપર ગયા હતાં. જ્યાં બંને મિત્રો તેઓનો વીડિયો બનાવી રહ્યા હતાં.

તે વખતે બિલ્ડીંગમાં રહેતા બે છોકરા રીતિકકુમાર અને ટીન્કુ ઉર્ફે રોશન ટેરેસ ઉપર હતા અને તેઓએ અમારો વીડિયો કેમ ઉતારે છે? તેવું કહી ઝઘડો કર્યો હતો. સુનિલ પુત્ર તથા તેના મિત્રને સાથે લઈ છોકરાઓને સમજાવવા ગયા, ત્યારે તે બંને ભાઈ રીતિક અને ટીન્કુએ બંને ભાઈએ સુનિલ સાથે ઝઘડો કર્યો હતો અને લિફ્ટ પાસે લાકડા વડે ટીન્કુ ઉર્ફે રોશનને માથામાં મારતા ઈજા પહોંચી હતી. જ્યારે રીતિકે ઢીક્કામુક્કીનો માર માર્યો હતો. ઈજાગ્રસ્ત સુનિલને સારવાર માટે ચલા સરકારી હોસ્પિટલમાં ખસેડાયો હતો. આ ઝઘડો અને મારામારી કરનારા રીતીકકુમાર અને ટીન્કુ ઉર્ફે રોશન (બંને રહે. જે.કે. પાર્ક, છરવાડા, રમઝાનવાડી, વાપી) સામે સુનિલે વાપી ડુંગરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

દારૂની હેરાફેરી કરનારા ધરમપુરના બૂટલેગરને પાસામાં રાજકોટ જેલમાં મોકલાયો

વાપીઃ પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીરસિંહ સુરત તથા વલસાડ જિલ્લા મેજીસ્ટ્રેટના માર્ગદર્શન હેઠળ વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક ડો.કરનરાજ વાઘેલાની સૂચના મુજબ એલસીબી વલસાડ પોલીસ દ્વારા સંઘપ્રદેશ દમણ-સેલવાસથી ગુજરાત રાજ્યમાં દારૂની હેરાફેરી કરનાર બુટલેગર અક્ષયકુમાર ઉર્ફે ચીન્ટુ દિનેશ પટેલ રાવતા (રહે. ભેંસધરા, તા.ધરમપુર)ને પાસા હેઠળ અટકાયતમાં લઈ જિલ્લા જેલ રાજકોટમાં મોકલી આપ્યો છે. અક્ષય સામે ધરમપુરમાં 2 અને પારડીમાં 1 મળી કુલ 3 પ્રોહિબીશનના ગુનાઓ નોંધાયેલા છે.

જલાલપોરના ગામોમાં મત્સ્યોદ્યોગ કચેરી દ્વારા મત્સ્ય ઉછેર માટે તળાવો ફાળવી દેવાતા વિરોધ

ગામોના તળાવોનો વહીવટ ગ્રામ પંચાયતોને સોંપાયો હોવા છતાં ગ્રામ પંચાયતોની પરવાનગી વિના ત્રાહિત મત્સ્ય ઉછેરકોને પરવાનગી આપી દેવાઈ

નવસારીઃ જલાલપોર તાલુકાના ગામોના તળાવોમાં મત્સ્ય ઉછેર માટે મત્સ્યોદ્યોગ કચેરી દ્વારા આપવામાં આવેલી પરવાનગી રદ કરવાની માંગ સાથે કેટલાક ગામોના સરપંચ અને ગ્રામજનોએ નવસારી જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું છે.

જલાલપોર તાલુકાના કરાખટ, પરૂજણ, માંગરોળ, પરસોલી, ભીનાર, ભાઠા, ટુંડા, મગોબ, નિમળાઈ, દાંતી, ઉભરાટ, દિપલા, વાંસી-બોરસી માછીવાડ, સીમળગામ, દેલવાડા ગામોના સરપંચો અને ગામજનોએ જિલ્લા કલેકટરને પાઠવેલા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, મત્સ્યોદ્યોગ કચેરી દ્વારા આ ગામોના તળાવોમાં મત્સ્ય ઉછેર કરવા માટે, પંચાયતની પરવાનગી વગર પરવાનગી ફાળવેલ છે.

સરકાર દ્વારા ગામના તળાવોનો વહીવટ ગ્રામપંચાયતને અપાયો હોવા છતાં મત્સ્ય ઉધોગ કચેરી દ્વારા તળાવો, પંચાયતની પરવાનગી વગર ત્રાહિત લોકોને મત્સ્ય ઉછેર કરવા માટે સોંપવામાં આવ્યા છે. જેથી ત્રાહિત ઈસમોને આપવામાં આવેલા તળાવો તાત્કાલિક ધોરણે રદ કરી તળાવોનો વહીવટ પંચાયત હસ્તક કરવાની માંગ કરી છે. જો 3 દિવસમાં વહીવટ પંચાયત હસ્તક સોંપવામાં ન આવશે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી. તેમજ ગામ તળાવોમાં કોઈપણ પ્રકારે મત્સ્ય ઉછેર કરવા માટે ત્રાહિત ઈસમોને ગામમાં પ્રવેશ ન કરવા દેવાની ચીમકી પણ ઉચ્ચારી છે.

ઉમરગામમાં કન્સ્ટ્રક્શન સાઈટ પર દીવાલ ધસી પડતાં મજૂરનું મોત, અન્ય એકને ઈજા

ઉમરગામઃ ઉમરગામની એક કન્ટ્રક્શન સાઈટ ઉપર કામ કરતી વેળા દીવાલ તૂટીને એક મજૂર ઉપર પડતાં તેનું કરુણ મોત નીપજ્યું છે, જ્યારે અન્ય એક મજૂરને સામાન્ય ઈજા પહોંચી હતી જીઆઈડીસી થર્ડ ફેઝ ક્રિષ્ના પાર્કની સામે ફેક્ટરી બિલ્ડિંગની કન્ટ્રક્શન સાઈટ પર નીચે ઈંટ બનાવવા ભઠ્ઠીનું કામ ચાલી રહ્યું હતું. દરમિયાન બુધવારે બપોરે દીવાલ તૂટી પડતા એક મજૂર બાળુ લાહનું બીજ (ઉ.વ.33 રહે. વડવલી ભોજપાડા તાલુકા તલાસરી જિલ્લા પાલઘર મહારાષ્ટ્ર)નું દીવાલ નીચે દબાઈ જતા કરુણ મોત નીપજ્યું હતું.